નં. સીબી/જમીન-૨/એન.એ./એસ.આર. ૧૬૯૬/૧૪
જિલ્લા કલેક્ટરની કચેરી,
સુભાષબ્રીજ સર્કલ, આશ્રમ રોડ,
અમદાવાદ.
તા. ૨૪/૦૩/૨૦૧૫

વંચાણમાં લીધું :-

(૧) અરજદારશ્રી જયંતિલાલ કાંતીલાલ પટેલ વિગેરે રહે. ૬૪, સંસ્કારભારતી સોસાયટી, નારણપુરા, અમદાવાદની જ.મ.કાયદાની કલમ - ૬૫ હેઠળ બીનખેતીની પરવાનગી મેળવવાની નિયત નમુનાની તા. ૨૬/૧૨/૨૦૧૪ની મુળ અરજી.

(૨) સીટી મામલતદારશ્રી ઘાટલોડીયાની ધોરણસરની દરખાસ્ત નં. જમીન/બીનખેતી/એસ.આર. ૨૫૨/૧૫ તા. ૧૯/૦૧/૨૦૧૫.

(૩) નાયબ કલેક્ટરશ્રી, જમીન સુધારણા અને અપીલ, અમદાવાદ ના તા. ૨૦/૦૨/૨૦૧૫ના પત્ર નં. એસીબી/ટીએનસી-૩/અભિપ્રાય/સોલા/એસ.આર. ૪/૨૦૧૫નો ગણોત સબંધેનો હકારાત્મક અભિપ્રાય.

(૪) સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટરશ્રી, શહેરી જમીન ટોચ મર્યાદા, અમદાવાદનો તા. ૧૯/૦૧/૨૦૧૫નો પત્ર નં.યુ.એલ.સી./સોલા/એન.એ./એસ.આર.૧૪/૨૦૧૫નો શ.જ.ટો.મ. સબંધેનો હકારાત્મક અભિપ્રાય.

(૫) વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીનો તા. ૨૨/૦૧/૨૦૧૫નો પત્ર નં. એલએક્યુ/એન.એ./અભિપ્રાય/૭૦૧૦/૨૦૧૪નો સંપાદન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૬) બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીનો તા. ૦૫/૦૧/૨૦૧૫નો પત્ર નં. એલએક્યુ/બિ.ખે.અભિપ્રાય/એસ.આર. ૩૫/૨૦૧૫/સોલાનો સંપાદન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૭) અત્રેની કચેરીના લીગલ શાખાનો તા. ૦૯/૦૧/૨૦૧૫નો શેરા નં. એલબી/અપીલ/સોલા-૩૧૬/૧/૨નો અપીલ / રીવીઝન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૮) જમીન મહેસુલ અધિનિયમ - ૧૮૭૯ની કલમ - ૬૫, ૬૬, ૬૭થી મળેલ અધિકારો તથા નિયમોના નિયમ - ૧૦૦/૧૦૧ મુજબ.

(૯) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા. ૧/૭/૦૮ તથા તા. ૮/૪/૧૧.

(૧૦) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર નં. : બખપ/૧૦૨૦૦૧૩/૭૧/ક, તા. ૧૧/૩/૨૦૧૩.

અરજદારશ્રી જયંતિલાલ કાંતીલાલ પટેલ વિગેરેએ તેઓના ખાતાની મોજે. સોલા, તા. સીટી (પશ્ચિમ), જી. અમદાવાદના સર્વે નંબર ૩૧૬/૧/૨, ટી.પી. ૪૩, ફા.પ્લોટ નં. ૧૨૮/૧/૧ની ૩૫૨૦ ચો.મી. જમીનની વાણિજ્ય ના હેતુ માટે બીનખેતી ઉપયોગ કરવા માટે જમીન મહેસુલ કાયદાની કલમ - ૬૫ હેઠળ પરવાનગી મેળવવા માંગણી કરેલ છે. અરજી સાથે નિયત નમુનાનું સોગંદનામું તથા જે બાંધકામ કરવા માંગે છે તેના સુચિત પ્લાનની નકલ વિગેરે રજુ કરેલ છે.

અરજદારશ્રીની બીનખેતીની માંગણી અંગે આમુખ - (૨)માં જણાવેલ મામલતદારશ્રીએ ધોરણસરની દરખાસ્ત કરેલ છે તે મુજબ સદર જમીન અરજદાર સહભાગીદાર હક્કથી ધરાવે છે. આ જમીનના તા. ૦૪/૦૨/૧૫ના સ્થળ સ્થિતિના પંચનામા મુજબ સ્થળે જમીનમાં જુવારનું વાવેતર કરવામાં આવેલ છે. તેમજ પશ્ચિમ દિશા તરફ એક જુની ઓરડી આવેલ છે. સદરહુ જમીનમાં આસોપાલવ, લીમડા વિ.ના અંદાજે ૧૫ જેટલા ઝાડ આવેલ છે. સદર જમીન જુની શરતની છે. જમીનનું ટાઈટલ કલીયર છે. સદર જમીનની વાણિજ્ય હેતુ બીનખેતીની પરવાનગીની માંગણીમાં કોઈ વાંધાસરખું જણાતું નથી તેમ અભિપ્રાય સહ દરખાસ્ત રજુ કરેલ છે.